# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૨/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઓડિટ/સ્ક્રુટીની એસેસમેન્ટ – હાઉ ટુ પ્રેઝેન્ટ એન્ડ પ્રોસિજર્સ વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, કોન્ફીડરેશન ઓફ જીએસટી પ્રોફેશનલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (સીજીપીઆઇ) અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશન, સુરતના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૧૦ જુલાઇ ૨૦૨૧ના રોજ 'ઓડિટ/સ્ક્રુટીની એસેસમેન્ટ – હાઉ ટુ પ્રેઝેન્ટ એન્ડ પ્રોસિજર્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રિયમ શાહ દ્વારા મહત્વની માહિતી આપવામાં આવી હતી.

સીએ પ્રિયમ શાહે જીએસટી કાયદા અન્વયે ડિપાર્ટમેન્ટમાં સ્ક્રુટીની તથા એસેસમેન્ટના વિવિધ પ્રકારો વિશે માહિતી આપી હતી. તેમણે ઓડિટ એસેસમેન્ટની પ્રક્રિયાની વિસ્તૃત ચર્ચા કરી હતી. જીએસટી કાયદામાં શું લખ્યું છે? અને તે અંતર્ગત તેમાં કયા – કયા પ્રકારની પ્રક્રિયા હોય છે તેના વિશે જાણકારી આપી હતી. આ ઉપરાંત તેમણે હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ વિશે ધ્યાન દોરી તે સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરી હતી. વેબિનાર દરમ્યાન પ્રોફેશનલ્સ દ્વારા કરાયેલા વિવિધ સવાલોના તેમણે સંતોષકારક જવાબ આપ્યા હતા.

ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન રોહન દેસાઇએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું. ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશનના પ્રમુખ એડવોકેટ અનિલ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. કોન્ફીડરેશન ઓફ જીએસટી પ્રોફેશનલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના નિતિન ભુટાએ કાર્યક્રમની રૂપરેખા અને વકતાનો પરિચય આપ્યો હતો. અંતે ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેકસ બાર એસોસીએશનના ઉપપ્રમુખ કુલીન પાઠકે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.